# ગુરુમાઈ ચિદ્વિલાસાનંદનાં જીવન અને તેમની ધરોહર પર વાર્તા


મીરા લૉબા-ઝપીરો
શ્રી મુક્તાનંદ આશ્રમ

૧ જૂન, ૨૦૧૭

*સદ્‌ગુરુનાથ મહારાજ કી જય!*

જૂન મહિનાની પહેલી તારીખ! 'આનંદમય જન્મદિવસ'નું પ્રભાત!

આ અદ્‌ભુત, વિસ્મયકારી, આશ્ચર્યજનક 'આનંદમય જન્મદિવસ' સત્સંગમાં આપ સૌનું સ્વાગત કરવું એ મારું પરમ સૌભાગ્ય છે!

*આમચ્યા ગુરુમાઈ, આમચા સત્સંગ.*

મરાઠી ભાષામાં આ વાક્યનો અર્થ છે, ''અમારાં ગુરુમાઈ, અમારો સત્સંગ.''

મારું નામ મીરા લૉબા-ઝપીરો છે. હું એક વિઝિટીંગ સેવાકર્તા છું અને પ્રેમોત્સવ વિભાગમાં ઘરેથી સેવા અર્પિત કરું છું. આ 'આનંદમય જન્મદિવસ' સત્સંગના સૂત્રધાર તરીકે સેવા અર્પિત કરતાં મને બહુ ખુશી થઈ રહી છે.

એક મહાન આત્માના જન્મનું સન્માન કરવા માટે પ્રકૃતિ માતા પોતાની જ અપૂર્વ પ્રતિભા, પોતાની જ ચકિત કરનારી રચનાત્મકતાને પ્રદર્શિત કરે છે. શું તમે વારંવાર આવું થતાં નથી જોયું?

ગઈકાલે રાત્રે, જ્યારે અમે બાબાજીના જન્મદિવસ મહોત્સવનું સમાપન કરી રહ્યા હતા અને 'આનંદમય જન્મદિવસ'માં પ્રવેશ કરવાની તૈયારી કરતાં હતાં, ત્યારે પ્રકૃતિએ શ્રી મુક્તાનંદ આશ્રમમાં અલૌકિક પ્રદર્શન કર્યું.

આશ્રમની ઉપર આકાશ વાદળોથી આચ્છાદિત હતું. મોટાં, શ્વેત, ઊમડતાં વાદળો નીલા આકાશમાં ધીરે-ધીરે અને હેતુપૂર્વક વહી રહ્યાં હતાં. અસ્ત થતો સૂર્ય વાદળોને પાછળથી પ્રકાશિત કરી રહ્યો હતો જેથી વાદળો ગુલાબી અને સોનેરી રંગથી ચમકી રહ્યાં હતાં. અસ્ત થતા સૂર્યનાં કિરણો પૃષ્ઠભૂમિમાં રહીને વાદળોને ગુલાબી અને સોનેરી રંગથી ચમકાવી રહ્યાં હતાં. અર્ધચંદ્ર પણ ઉદિત થઈને ચમકી રહ્યો હતો.

પણ એટલું જ નહીં. જો તમે યોગ્ય સમયે બહાર આવ્યા હો, તો તમે ઇન્દ્રધનુષ પણ જોયું હશે. તે અપ્રતિમ હતું — સંધ્યાકાલીન આકાશમાં મૃદુલ અને ધૂંધળા રંગોના પટ્ટા વાદળોમાંથી પ્રગટ થઈ રહ્યા હતા.

પછી, જેમજેમ સાંજ ઢળીને રાત પડી, શ્રી મુક્તાનંદ આશ્રમ પર ઘેરા નીલા રંગના કૃષ્ણ વાદળો છવાઈ ગયાં; વીજળી ચમકવા લાગી, વાદળો ગરજવાં લાગ્યાં, વરસાદ મન મૂકીને વરસવા લાગ્યો. અને આજે સવારે જ્યારે સૂર્યદેવતાએ વિશાળ, ચમકતા નીલા આકાશમાં પોતાનું આસન ગ્રહણ કર્યું ત્યારે આકાશ સ્પષ્ટ અને સ્વચ્છ હતું, વાદળોથી મુક્ત હતું.

'આનંદમય જન્મદિવસ'માં આપણને પ્રવેશ કરાવવાની કેટલી સુંદર રીત! પ્રકૃતિ હંમેશાં જાણે છે. સિદ્ધયોગ પથ પર કોઈપણ વ્યક્તિનો જન્મદિવસ એ તેની સારપ, મધુરતા, તેનું યોગદાન, મહત્ત્વ અને બીજા ઘણા બધા ગુણનો ઉત્સવ મનાવવાનો એક સુઅવસર છે.

તો માત્ર કલ્પના કરો, આપણા શ્રીગુરુ, ગુરુમાઈ ચિદ્વિલાસાનંદનો જન્મદિવસ મનાવવાની. હા! એક ક્ષણ લો. વિચાર કરો કે તમારા માટે આનો શું અર્થ છે.

આ વર્ષે, 'આનંદમય જન્મદિવસ'નો આરંભ કેવી રીતે કરવો અને આખા જૂન મહિના દરમ્યાન આ મહોત્સવને કેવી રીતે મનાવવો, તેના માટે ત્રણ સિદ્ધયોગીઓએ અદ્‌ભુત પ્રસ્તાવ આપ્યો છે. આ ત્રણેય સિદ્ધયોગીઓ નાનપણથી જ સિદ્ધયોગ શિખામણોનો અભ્યાસ કરી રહ્યાં છે, તેઓ બોલતાં-ચાલતાં શીખ્યાં ત્યારથી જ સેવા અર્પિત કરી રહ્યાં છે.

એલ સોબ્રાન્તે, કેલિફોર્નિયાથી ગરિમા બોરવણકર; રૈનચોઝે પેનેસ્કીતોઝ, કેલિફોર્નિયાથી વાણી અગ્રવાલ અને સાઉથ યારા, ઓસ્ટ્રેલિયાથી લીલાવતી સ્ટુઅર્ટે, એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન લાઈવ ઇવેન્ટ્સ વિભાગને (એ વિભાગ જે સત્સંગોનું આયોજન કરે છે) પોતાની ઇચ્છા વ્યક્ત કરી કે તેઓ શ્રીગુરુમાઈ સાથેના એ પ્રસંગો વિશે કહેવા માંગે છે, જેમાં તેમને ગુરુમાઈજી પાસેથી પ્રત્યક્ષરૂપે શિખામણો પ્રાપ્ત થઈ છે.

જ્યારે લાઈવ ઇવેન્ટ્સ વિભાગના સેવાકર્તાઓને આ પ્રસ્તાવ મળ્યો, ત્યારે તેઓ તેમાં રહેલી મહાન સંભાવનાઓને સમજી ગયા. શ્રીગુરુમાઈ સાથે ઘટેલા પ્રસંગો વિશે જણાવવું, એ તેમની ધરોહરનો એક ભાગ બની જાય છે અને સાથેસાથે તે ગુરુમાઈજી માટેના આપણા પ્રેમને યથાર્થ સ્વરૂપ આપે છે. આ ઉપરાંત, જ્યારે આ સિદ્ધયોગીઓ ગુરુમાઈજી સાથેના તેમના જીવન રૂપાંતરણના પ્રસંગો કહેશે ત્યારે એ બીજાં બધાંને પણ એવું કરવા માટે પ્રેરણા આપશે અને પ્રોત્સાહિત કરશે.

લાઈવ ઇવેન્ટ્સના સેવાકર્તાઓએ એ પણ વિચાર્યું કે શ્રી મુક્તાનંદ આશ્રમની દરેક વ્યક્તિ માટે આ અદ્‌ભુત રહેશે કે તેઓ ગુરુમાઈ સાથેના પોતાના પ્રસંગો અને અનુભવોને યાદ કરે, એકબીજાંને કહેવા માટે આ પ્રસંગો તૈયાર કરે અને આ ભેટ માટે પોતાનું યોગદાન આપે — એવી ભેટ જે આવનારી પેઢીઓ માટે શક્તિપુંજનો એક ખજાનો બની જશે.

એટલા માટે, લાઈવ ઇવેન્ટ્સ વિભાગે આવા પ્રસંગો અને અનુભવો કહેવા માટે સત્સંગોની શૃંખલાની રચના કરી, જેનું વર્ષ ૨૦૧૭ના આખા જૂન મહિના દરમ્યાન શ્રી મુક્તાનંદ આશ્રમમાં આયોજન કરવામાં આવશે. આ શૃંખલાનું શીર્ષક છે

# સુરભિ, સ્મરણ, અભિજ્ઞાન

## ગુરુમાઈ ચિદ્વિલાસાનંદનું જીવન અને તેમની ધરોહર

આ સત્સંગોમાં, આપણે ગુરુમાઈજી પાસેથી પ્રત્યક્ષરૂપે શિખામણો પ્રાપ્ત થવાના અનોખા પ્રસંગો અને અનુભવોને સાંભળીશું. આમાંના ઘણા અનુભવોને સિદ્ધયોગ પથ વેબસાઇટ પર મૂકવામાં આવશે જેથી સાર્વભૌમિક સંઘમ્ પણ એને વાંચી શકે. આનાથી વિશ્વભરનાં સિદ્ધયોગીઓ અને નવા જિજ્ઞાસુઓને પણ ગુરુમાઈજી સાથેના પ્રસંગો લખવામાં અને કહેવામાં મદદ મળશે.

*સુરભિ, સ્મરણ અને અભિજ્ઞાન* — આ શબ્દો, શ્રીગુરુમાઈ વિશેની આપણી વાર્તાઓ કહેવાના અનુભવનું વર્ણન કરે છે.

'સુરભિ' એટલે એક મધુર અને આનંદદાયી સુગંધ. કોઈ યાદ આપણા મનની આંખો સામે પૂર્ણરૂપે ઊભરાય, એના પહેલાં એક સુગંધ આપણા જૂના અનુભવને, તેના સૂક્ષ્મ ભાવ અને પ્રેરણા સહિત તરત જ જગાવી શકે છે. આપણી સૌથી ગહન યાદોને તાજી કરવામાં સુગંધ ખૂબ મહત્ત્વપૂર્ણ હોઈ શકે છે.

અને 'સુગંધ' શબ્દ આ વર્ષે આપણા માટે વિશેષ મહત્ત્વપૂર્ણ છે, વર્ષ ૨૦૧૭ માટેના શ્રીગુરુમાઈના સંદેશના કારણે!

> વર્ષ ૨૦૧૭ માટે શ્રીગુરુમાઈનો સંદેશ છે :
>
> > દિવ્ય હૃદયની સુગંધને તમારા શ્વાસમાં ભરી લો.<br>
> > પરમ આત્માના પ્રકાશમાં મુદિત થઈ જાઓ.<br>
> > દિવ્ય હૃદયની કલ્યાણકારી શક્તિ સાથે તમારા પ્રશ્વાસને મૃદુલતાથી વહેવા દો.

'સ્મરણ' — ગુરુમાઈજી પાસેથી પ્રાપ્ત શિખામણોને યાદ કરવાથી આપણે આપણા હૃદયમાં ગુરુમાઈજી સાથે જોડાઈ જઈએ છીએ, એટલું જ નહીં પરંતુ આપણે આ સ્મૃતિને સાચવીને રાખીએ છીએ જેથી બીજાં લોકો પણ તેને ગ્રહણ કરી શકે અને તેમાંથી શીખી શકે. એ જીવંત સ્મૃતિ બની જાય છે અને ગુરુમાઈજીની જીવંત ધરોહર બની જાય છે.

'અભિજ્ઞાન' — જ્યારે આપણે બીજાંઓએ કહેલી વાર્તાઓ ગ્રહણ કરીએ છીએ, ત્યારે એ વાર્તાઓ આપણા પોતાના પ્રસંગો અને અનુભવો વિશે અભિજ્ઞાન કરાવે છે, એક સમજ આપે છે કે કેવી રીતે ગુરુમાઈજીની કૃપાએ આપણને સ્પર્શ કર્યો છે. એ પ્રસંગો સાધનામાં થયેલી આપણી પોતાની અનુભૂતિઓની પુષ્ટિ કરે છે. આપણને અભિજ્ઞાન થઈ જાય છે. આ અભિજ્ઞાનની સાથે એક અંતર કીમિયાગીરીની પ્રક્રિયા શરૂ થઈ જાય છે.

## સુરભિ, સ્મરણ, અભિજ્ઞાન

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદનું જીવન અને તેમની ધરોહર

હવે, હું તમને શ્રીગુરુમાઈના જીવન અને તેમની ધરોહરનાં કેટલાંક પાસાંઓ જણાવવા માંગું છું.

☼

એ ૨૪ જૂનનો દિવસ હતો, જ્યારે દક્ષિણ ભારતમાં દરિયાકિનારે આવેલા મેંગલોર શહેરની નજીક, પર્વતની તળેટીમાં આપણા પરમ પ્રિય શ્રીગુરુમાઈએ જન્મ લીધો હતો. એ દિવસે હવામાં કેટલી મધુર સુગંધ વહેતી હશે; આકાશ કેવા અલૌકિક રંગોથી રંગાઈ ગયું હશે! ભારતનાં મહાકાવ્યોમાં, મહાન આત્માના જન્મના સન્માનમાં ઘણીવાર દેવીદેવતાઓને સ્વર્ગમાંથી પુષ્પવર્ષા કરતાં દર્શાવામાં આવે છે. જ્યારે હું શ્રીગુરુમાઈને આ પૃથ્વી પર અવતરિત થતાં વિચારું છું ત્યારે મારા મનમાં પણ આ જ ચિત્ર ઉદ્ભવે છે.

શ્રીગુરુમાઈ એક જગદ્ગુરુ છે — તેઓ સમગ્ર વિશ્વ માટે એક સદેહ સિદ્ધગુરુ છે. વર્ષ ૧૯૮૨થી, શ્રીગુરુમાઈ સિદ્ધયોગ પથના શ્રીગુરુ છે. પાંત્રીસ વર્ષોથી ગુરુમાઈજી વિશ્વભરના દેશો અને વિભિન્ન સંસ્કૃતિઓના, જીવનના વિવિધ ક્ષેત્રોના તેમજ દરેક આયુના જિજ્ઞાસુઓને શક્તિપાત દીક્ષા પ્રદાન કરી રહ્યાં છે, તેમનું જ્ઞાન પ્રદાન કરી રહ્યાં છે તેમજ ધ્યાન શીખવી રહ્યાં છે.

☼

છેલ્લાં ત્રણ દાયકાઓમાં, ગુરુમાઈજીએ ‘ટીચિંગ વિઝિટ્સ’ માટે વિશ્વભરમાં યાત્રાઓ કરી છે. ગુરુમાઈજીએ ૧૬ દેશોના ૧૬૮ શહેરોમાં યાત્રા કરી અને લોકોને તેમનાં શહેરોમાં જ સિદ્ધયોગ પથનો પરિચય કરાવ્યો છે. આ યાત્રાઓ દરમ્યાન કોન્ફરન્સ હૉલ, હૉટેલ અને બહાર ખુલ્લાં મેદાનોમાં ઉત્કૃષ્ટ અને અત્યંત સ્વચ્છ સત્સંગ હૉલ બનાવી દેવામાં આવ્યા હતા. ગુરુમાઈજી સાથે થયેલા સત્સંગો અને શક્તિપાત ધ્યાનશિબિરોએ વાસ્તવિક અને ભૌતિક અર્થમાં આ સ્થાનોને પવિત્ર કરી દીધાં, જ્યાં હજારો લોકો સિદ્ધયોગ અભ્યાસો કરી રહ્યાં હતાં.

ટેક્નૉલોજિના વિકાસની સાથે, જિજ્ઞાસુઓને સિદ્ધયોગ પથ વેબસાઇટ દ્વારા, આ વિશ્વમાં ગુરુમાઈજીનાં દિવ્ય કાર્યની ઝલક મળે છે. વેબસાઇટ દ્વારા નવા સાધકોને સિદ્ધયોગ શિખામણોનો અભ્યાસ કરવા માટે માર્ગદર્શન મળે છે અને અનુભવી સિદ્ધયોગીઓ ગુરુમાઈજીની કૃપા અને આશીર્વાદો સાથેનો પોતાનો સંબંધ સુદૃઢ કરે છે.

☼

સિદ્ધયોગ પથની વેબસાઇટ ઉપરાંત, ગુરુમાઈજીની શિખામણોને પ્રકાશિત કરાયેલાં તેમનાં પ્રવચનો અને લેખોના વિશાળ સંગ્રહમાં સાચવવામાં આવી છે. ગુરુમાઈજીનાં પ્રજ્ઞાનને એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન અને ગુરુદેવ સિદ્ધપીઠ દ્વારા વીસ પુસ્તકો અને પત્રિકાઓમાં સેંકડો લેખોનાં રૂપે બધાં માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. આ પ્રકાશિત રચનાઓમાં, ગુરુમાઈજી માનવ સ્વભાવને સમજવાની પોતાની અદ્વિતીય ક્ષમતા દ્વારા, આપણા માટે પરમ સત્ય સુધી પહોંચવાના એક સેતુનું નિર્માણ કરે છે, જેના વિના એ સત્ય અજ્ઞાત રહી જાત. અને

ગુરુમાઈજીનાં કાવ્યમાં, મનની પરે જઈને હૃદયની ગહનતમ લલકને વ્યક્ત કરવાના તેમનાં દિવ્ય સામર્થ્યનો પરિચય થાય છે.

શ્રીગુરુમાઈની અદ્‌ભુત, હૃદયને ખોલી દેતી રચનાઓએ દરેક આયુનાં લોકોને પ્રભાવિત કર્યાં છે અને આગળ ભવિષ્યમાં પણ કરતી રહેશે.

☼

આપણે ભાગ્યશાળી છીએ કારણ કે આપણને ગુરુમાઈજીની લિખિત રચનાઓ પ્રાપ્ત છે અને સાથેસાથે આપણે તેમની વાણીના ધ્વનિને, તેમની સર્વોત્તમ સંગીતરચનાઓને પણ સાંભળી શકીએ છીએ. ગુરુમાઈજીએ ૧૫૦થી પણ વધારે સંગીતરચના કરી છે, જેમાં સિદ્ધયોગ નામસંકીર્તન, ભજન, સ્તોત્રો અને આરતીનો સમાવેશ છે. ગુરુમાઈજીએ પોતાની દરેક સંગીતરચનાને પોતાના સંકલ્પથી અનુપ્રાણિત કરી છે કે ગાનાર અને સાંભળનાર બંને પોતાના અંતરમાં આદિનાદનાં સ્પંદનોની અનુભૂતિ કરી શકે. ગુરુમાઈજીએ સિદ્ધયોગ પથ પર ચાલનારી દરેક વ્યક્તિ માટે સિદ્ધયોગ સંગીતને એક મુખ્ય અભ્યાસ બનાવી દીધો છે, ભલેને તેમનું સંગીત વિશેનું જ્ઞાન અને કૌશલ્ય કંઈ પણ હોય; તેમણે બધાંનાં હૃદયનાં ગીતને જાગ્રત કરી દીધું છે.

☼

ગુરુમાઈજીએ બાળકો પ્રતિ સૌથી પ્રેમભર્યું, કાળજીપૂર્વક અને વિશેષ ધ્યાન આપ્યું છે તેમજ બાળકો માટે અગણિત સાધન રચ્યાં છે, જેથી તેઓ પોતાનાં હૃદયની પવિત્રતા સાથે જોડાઈ શકે. આપણે એક ઉત્તમ દૃશ્ય જોઈએ છીએ, જેમાં ગુરુમાઈજી એક બાળક સાથે બેઠાં છે, તેને પ્રશ્નો પૂછી રહ્યાં છે, તેને માર્ગદર્શન આપી રહ્યાં છે, જેથી તે પોતાના અંતરના પ્રજ્ઞાન અને એ સદ્‌ગુણોને પ્રગટ કરી શકે જેના પર તે જીવનભર આધાર રાખી શકે.

વર્ષ ૧૯૯૮માં, ગુરુમાઈજીએ Golden Tales (ગોલ્ડન ટેલ્સ) નામના નાટકોની શૃંખલાની શરૂઆત કરી. આ નાટકોમાં શ્રી મુક્તાનંદ આશ્રમમાં થઈ રહેલી સિદ્ધયોગ ફેમીલી રિટ્રીટમાં ભાગ લઈ રહેલાં બાળકો અને યુવાઓએ અભિનય કર્યો હતો. આ નાટકો દ્વારા બાળકો અને યુવાઓ, દેવી-દેવતાઓ અને સંતોના જીવન વિશે શીખ્યાં. આ નાટકમાં સેવા કરવાથી બાળકોમાં શ્રેષ્ઠતમ પ્રયત્નો કરવાની અને તેના અમૃતમય ફળનો અનુભવ કરવાની ક્ષમતાનો વિકાસ થયો. આજે પણ, સિદ્ધયોગીઓ કહે છે કે 'ગોલ્ડન ટેલ્સ'ના નાટકમાં કરેલો અભિનય તેમના ઉછેરમાં ઘણો મહત્ત્વનો હતો અને 'ગોલ્ડન ટેલ્સ' જોવું એ એમના માટે એક એવી યાદ છે જેને તેઓ ક્યારેય નહીં ભૂલી શકે.

એક અન્ય માધ્યમ, જેના દ્વારા ગુરુમાઈજી વિશ્વભરનાં લોકોનાં હૃદય સુધી પહોંચે છે, તે છે તેમનો પત્રવ્યવહાર. જે લોકો તેમને પત્ર લખે છે તેમની પ્રાર્થનાઓનો ગુરુમાઈજી જે કાળજી અને આત્મીયતાથી જવાબ આપે છે તે અતુલનીય છે.

શું તમે તેની કલ્પના કરી શકો છો કે લાખો પત્રોને વાંચવા અને જવાબ આપવા માટે ગુરુમાઈજીએ કેટલો સમય આપ્યો હશે? વયસ્કોના પત્રો, બાળકો અને યુવાઓના પત્રો, કેદીઓના પત્રો, એ બધાંના પત્રો જે પોતાની ગહન કૃતજ્ઞતા વ્યક્ત કરવા માંગે છે, ઇત્યાદિ.

ગુરુમાઈજીનો સમસ્ત પત્રવ્યવહાર એક મહાસાહિત્ય છે, જેમાં તેમનું પ્રત્યક્ષ માર્ગદર્શન અને તેમનાં આશીર્વાદોનો સમાવેશ છે; આ ગુરુ-શિષ્ય સંબંધના મહિમાની ગાથા છે. એ ગુરુમાઈજીનાં અસીમ પ્રેમ અને કરુણાના મહિમાની ગાથા છે.

☼

વિશ્વમાં મોટી દુઃખદ ઘટનાઓ અથવા પડકારોના સમયે પણ શ્રીગુરુમાઈએ આપણને આગળ વધવાનો માર્ગ બતાવ્યો છે. શ્રીગુરુમાઈએ આપણને એ વિશે શીખવ્યું છે કે જ્યારે બધાંનો સંકલ્પ એક જ હોય છે ત્યારે તેમાં અત્યાધિક શક્તિ હોય છે, જેને કારણે વસ્તુતઃ સર્વત્ર ઐક્યનો વિકાસ થાય છે અને સાથેસાથે પ્રકૃતિ અને સમાજનો વિકાસ થાય છે. તેમણે પ્રાર્થનાઓ મોકલવા અને આશીર્વાદો અર્પિત કરવા માટે સિદ્ધયોગ સંઘમ્‌ને માર્ગદર્શન આપ્યું છે.

વર્ષ ૨૦૦૧માં, ગુરુમાઈજીએ વિશ્વ સમુદાયના સન્માનમાં સત્સંગોનું આયોજન કર્યું હતું. આ સત્સંગોનું વિશેષ કેન્દ્રબિંદુ હતું, એ ઓળખવું કે આપણાં બધાંની માનવતા એક જ છે અને અત્યંત મુશ્કેલીના સમયનો સામનો કરવા માટે કેવી રીતે આપણા સિદ્ધયોગ અભ્યાસોનાં લાભની મદદ લેવી.

☼

ગુરુમાઈજીનું જીવન સિદ્ધયોગ શિખામણો પ્રત્યે અને લોકોને પરમ સત્યનો સાચો અનુભવ કરાવવા માટે સમર્પિત છે. આ ઉદ્દેશ્યને પૂરો કરવા માટે, શ્રીગુરુમાઈએ છેલ્લાં પાંત્રીસ વર્ષોમાં એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનના સેવાકર્તાઓને સેવાના આધ્યાત્મિક અભ્યાસ માટે સિદ્ધાંતો અને માર્ગદર્શન પ્રદાન કર્યાં છે. પ્રજ્ઞાનનો આ જ ભંડાર ફાઉન્ડેશનનાં કાર્યનું કેન્દ્રબિંદુ છે અને તે તેની અસાધારણ ઉપલબ્ધિઓનો સ્રોત છે.

એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન સાર્વભૌમિક સિદ્ધયોગ અભિયાન (મિશન)ની પ્રમુખ સંસ્થા છે, જેનો ઉદ્દેશ્ય છે સિદ્ધયોગની શિક્ષાઓને સુરક્ષિત રાખવી, એનું સંરક્ષણ કરવું અને એને પ્રસારિત કરવામાં મદદ કરવી. ગુરુમાઈજીએ ફાઉન્ડેશનના સેવાકર્તાઓને નેતૃત્વની આ ભૂમિકાને એકતાના ભાવ સાથે અંગીકાર કરવાનું શીખવ્યું છે. જ્યારે સેવાકર્તાઓ ગુરુમાઈજીના સિદ્ધાંતો અને માર્ગદર્શનને આત્મસાત્ કરીને તેનું પાલન કરે છે, ત્યારે તેમના પ્રયત્નોનો પ્રભાવ સમગ્ર સંઘમ્‌માં બધે ફેલાઈ જાય છે.

☼

ગુરુમાઈજીની માનવતા માટેની પરિદૃષ્ટિને 'પ્રસાદ પ્રૉજેક્ટ'ના લોકહિતકારી કાર્ય દ્વારા પણ વ્યક્ત કરવામાં આવે છે, જે આ વર્ષે તેની પચ્ચીસમી વર્ષગાંઠ ઊજવી રહ્યું છે. પ્રસાદ (PRASAD) ના અંગ્રેજી અક્ષરોનું પૂરું નામ છે — ફિલૅન્થ્રૉપિક રિલીફ ઍલ્ટ્રૂઇસ્ટિક સર્વિસ એન્ડ ડેવલપમેન્ટ [Philanthropic Relief Altruistic Service And Development].

'પ્રસાદ' પરિયોજના અને ભારતમાં તેની સહસંસ્થા 'પ્રસાદ ચિકિત્સા'નો આરંભ ગુરુમાઈજીએ ક્રમશઃ વર્ષ ૧૯૯૨ અને ૧૯૯૪માં કર્યો હતો. આ સંસ્થાઓ ગુરુમાઈજીની કરુણા અને ઉદારતાનું પ્રત્યક્ષ રૂપ છે. બંને સંસ્થાઓએ હજારો લોકોનાં જીવનસ્તરમાં સુધારો કર્યો છે. ગુરુમાઈજીનાં માર્ગદર્શનમાં, 'પ્રસાદ' એક એવી ચેરિટેબલ સંસ્થા છે જેની કાર્યક્ષમતાની ખૂબ જ પ્રશંસા કરવામાં આવે છે.

☼

ભારતના પ્રાચીન શાસ્ત્રોમાં નિહિત જ્ઞાન પ્રત્યે તેમના ઊંડા આદરને કારણે, સન ૧૯૯૭માં શ્રીગુરુમાઈએ 'મુક્તબોધ ભારતીય પ્રાચ્ય વિદ્યા શોધ સંસ્થા' (મુક્તબોધ ઇન્ડોલૉજિકલ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ)નો શુભારંભ કર્યો. આ સંસ્થાના કાર્યના માધ્યમથી ત્રણસોથી પણ વધારે ગ્રંથોને સુરક્ષિત અને સંરક્ષિત કરવામાં આવ્યા છે નહીં તો તે દુનિયામાંથી લુપ્ત થઈ ગયા હોત. તેમાંના હજારો ગ્રંથોને મુક્તબોધની ડિજીટલ પુસ્તકાલય દ્વારા જનસામાન્ય માટે ઉપલબ્ધ કરાવામાં આવ્યા છે. મુક્તબોધે દુર્લભ અને અમૂલ્ય ગ્રંથોના ભંડારનું નિર્માણ કરીને દિન-પ્રતિદિન તેનું મહત્ત્વપૂર્ણ કાર્ય ચાલુ રાખ્યું છે, જેને લીધે આ ગ્રંથો આજે પણ સરળતાથી ઉપલબ્ધ છે અને ભાવિ પેઢીઓ માટે પણ રહેશે.

☼

શ્રીગુરુમાઈના જીવનની, શ્રીગુરુમાઈની ધરોહરની મહાનતા શબ્દોથી પરે છે. તેને વાર્તા, વ્યાખ્યા કે પુસ્તકમાં સમાવી શકાય નહીં, તે તેનાથી પરે છે. સત્ય તો એ છે કે તે આપણી બૌદ્ધિક ક્ષમતા દ્વારા આપણે જે પણ સમજી શકીએ તેનાથી પણ તે પરે છે.

તેમ છતાં, આપણી પાસે આપણી વાર્તાઓ છે. ગુરુમાઈજી પાસેથી શિખામણો પ્રાપ્ત કરવાના પ્રસંગો છે, તેમના જીવન અને તેમના શબ્દોમાંથી શીખવાના અનુભવો છે. આ દરેક વાર્તા એ દર્શાવે છે કે ગુરુમાઈજી કોણ છે અને ગુરુમાઈજી કેવી રીતે શીખવે છે. આ વાર્તાઓ ગુરુમાઈજીની ઉપસ્થિતિમાં રહેલા સિદ્ધયોગીઓની આંખો દ્વારા, ભાવિ પેઢીઓ માટે તેમનું પ્રજ્ઞાન, તેમના હાસ્ય અને કરુણાનો અનુભવ કરવા માટેનું પ્રવેશદ્વાર છે.

આ વાર્તાઓમાં આપણને જાણવા મળે છે કે ગુરુમાઈજીની કૃપાનો દરેક જિજ્ઞાસુના જીવન પર, પ્રાણીઓ અને પ્રકૃતિ પર અને સમગ્ર સંસાર પર શું પ્રભાવ પડે છે.

એક ક્ષણ લઈને વિચારો કે અત્યારે જ આ ક્ષણે શ્રીનિલયમાં આપણી પાસે ગુરુમાઈજીની કેટલી વાર્તાઓ છે. તમારામાંથી દરેક પાસે કેટલી વાર્તાઓ હશે? જો આપણે આ હૉલમાં ફરીએ અને દરેકની વાર્તા જોડતાં જઈએ તો

આપણી પાસે કેટલી બધી વાર્તાઓ થઈ જશે? *પછી* જો આપણે સાર્વભૌમિક સંઘમ્‌ના બધાં જ સિદ્ધયોગીઓની વાર્તાઓ જોડી દઈએ તો શું થશે?

હવે કલ્પના કરો કે જ્યારે સાર્વભૌમિક સંઘમ્‌ના સિદ્ધયોગીઓ આપણાં બધાંની વાર્તાઓને ભેગી કરશે એ ચિત્ર કેવું હશે. એ ગુરુમાઈજીના જીવન અને તેમની ધરોહરને અભિવ્યક્ત કરતું એક સુંદર ચિત્ર હશે, જેમાં આ વાર્તાઓને એકબીજા સાથે ગૂંથીને સજાવવામાં આવી હશે.

ઘણીબધી રીતે ગુરુમાઈજીની ધરોહર જિજ્ઞાસુઓનાં હૃદયમાં જીવંત છે, જેને ગુરુમાઈજીની કૃપાએ, શિખામણોએ અને ઉપસ્થિતિએ ખોલી દીધા છે; એ બધાં જીવનમાં જીવંત છે જેને ગુરુમાઈજીએ હંમેશાં માટે બદલી દીધાં છે અને વધુ સુંદર બનાવી દીધા છે.

જરા વિચારો : તમે ગુરુમાઈજીની ઉત્કૃષ્ટ કૃતિ છો. તમે ગુરુમાઈજીની શક્તિને, ગુરુમાઈજીના પ્રેમને અને ગુરુમાઈજીના પ્રજ્ઞાનને ધારણ કરો છો. જ્યારે તમે ગુરુમાઈજી સાથેનો તમારો પ્રસંગ કહો ત્યારે આ સમજ સાથે કહો.

જ્યારે તમે ગુરુમાઈજી સાથેનો તમારો પ્રસંગ એકબીજાને અને સાર્વભૌમિક સંઘમ્‌ને જણાવો છો, ત્યારે તમે ગુરુમાઈજીની ધરોહરને જીવંત રાખો છો અને ભવિષ્ય માટે તેને સંરક્ષિત રાખો છો. આ કાર્યને તમે તમારું મંગલ કર્તવ્ય પણ માની શકો છો.

જ્યારે તમે તમારા પ્રસંગો લખો છો, ત્યારે તમે તમારા અનુભવોમાંથી એક કલાકૃતિની રચના કરી રહ્યાં છો જે અનંતકાળ સુધી ઉપલબ્ધ રહેશે. એ જરૂરી છે કે તમે એવું ન વિચારો કે તમારી વાર્તા જણાવવા યોગ્ય છે કે નહીં. જો તેનાથી તમારા પર પ્રભાવ પડ્યો હોય, જો તેનાથી તમારી સાધનામાં પ્રગતિ થઈ હોય અને રૂપાંતરણ થયું હોય તો હા, તે વાર્તા યોગ્ય છે.

હું તમને આમંત્રિત કરું છું કે ગુરુમાઈજીની ઉપસ્થિતિનો મહોત્સવ મનાવવાની ખુશીમાં, ગુરુમાઈજીની ભવ્ય ધરોહરની મહાનતા અને તેમાં તમારી ભૂમિકાને ધ્યાનમાં રાખતા, તમે તમારી વાર્તા જણાવો.

© ૨૦૧૭ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.